# BUSINESS મિત્ર

### અમેરિકા-ચીન દોસ્તીની આશા અને ટેક્સ રાહતના આશાવાદે સેન્સેક્સ ૭૯૦ પોઈન્ટ ઉછળ્યો

# શેરબજારમાં બુલ રનઃ સેન્સેક્સ ૭૫૦૦૦ ઉપર બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 14: સ્થિર કોર્પોરેટ કમાણી અને અમેરિકા-ચીનની ચર્ચામાં હકારાત્મક સંકેતોના પગલે ભારતીય શેરબજારમાં તેજીન માહોલ જોવા મળ્યો હતો. આજે બીએસઇ વીકલી એકસપાયરી વચ્ચે પણ બજાર ટકેલુ રહ્યું હતું અને છેલ્લા એક કલાકમાં વેચાણો કપાતા શેરબજારમાં તેજીનો દોર જોવા મળ્યો હતો.

આજે મીડ સેશન દરમ્યાન ભારત સરકાર આરબીઆઈની ભલામણ મુજબ રૂપિયાને વધુ તૂટતો અટકાવવા અને વિદેશી પ્રવાહને પુનઃ સ્થાપિત કરવા માટે ટેક્સમાં રાહત આપવાની વિચારણા કરી રહી છે. જે અહેવાલના પગલે ભારતીય શેરબજારે સમર્થન આપ્યું હતું અને આ સુધારો આગળ વધ્યો હતો. જોકે, સરકાર તરફથી કોઇ નિર્ણયથી જાહેરાત થઇ નથી. જે આશાવાદથી બજારમાં સુધારો જોવા મળ્યો હતો.

ક્રુડ ઓઈલના ઉંચા ભાવો અને સતત વિદેશી ભંડોળના પ્રવાહને કારણે નફો મર્યાદિત હતો, જેના કારણે રૂપિયો વિક્રમી નીચી સપાટીએ પહોંચી ગયો હતો, જ્યારે ઇન્ટ્રાડેમાં નિફ્ટીએ 23750ની સપાટી કુદાવી હતી, જે છેલ્લે 23650ની ઉપર બંધ રહેવામાં સફળ થઇ હતી. જેના પગલે આજે તમામ સકેટરો પોઝિટિવ બંધ રહ્યા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પ ચીનની યાત્રાએ છે, તેમણે ચીનના રાષ્ટ્રપતિ જિનપીંગ સાથેની મુલાકાત કહ્યું કે, વૈશ્વિક સ્થિરતા માટે અમેરિકા અને ચીન વચ્ચેના સંબંધો ખૂબ જ મહત્વપુર્ણ છે અને બંને દેશો હરીફ દેશ તરીકે નહી, પણ ભાગીદાર હોવા જોઇએ, તેવા જિનપીંગના નિવેદન સામે ટ્રમ્પે કહ્યું કે, ચીનનો મિત્ર બનવું સન્માનની વાત છે. આમ, ચીન અને અમેરિકા વચ્ચે વેપાર સંબંધોમાં સુધારો થવાની આશાથી વિશ્વમાં હલચલ મચી જવા પામી છે. આ ઉપરાંત, ગઇકાલે યુરોપિયન અને રાતના અમેરિકન બજારો સુધારા તરફી વલણ દાખવતા આજે એશિયન બજારો મજબૂત રહ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 789.74 પોઇન્ટ એટલે કે 1.06 ટકા વધીને 75398.72 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 75681 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74526 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 277 પોઇન્ટ એઠલે કે 1.18 ટકા વધઈને 23650 પોઇન્ટની સપાટી કુદાવીને 23689.60 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23777 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23426 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 672.80 પોઇન્ટ એટલે કે 1.26 ટકા વધીને 54000 પોઇન્ટની સપાટી કુદાવીને 54128.95 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ઈન્વેન્ચુરસ નોલેજ સોલ્યુશન્સમાં 14.87 ગણા, એકસીસ બેન્કમાં 11.98 ગણા, આલ્કાઈલ એમાઈન્સમાં 11.89 ગણા, જેબી કેમિકલ્સમાં 9.35 ગણા અને યુનો મિન્ડો લિ.માં 6.42 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે સારેગામા ઈન્ડિયામાં 77.02 ગણા, એનએલસી ઈન્ડિયામાં 14.74 ગમા, ગોદરેજ ઈન્ડ.માં 9.01 ગણા, કેઈન્સ ટેકનો 7.7 ગણા અને કેપલીન પોઈન્ટ લેબમાં 7.58 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં આજે નબળું પ્રદર્શન રહ્યું હતું. જેન ફ્રન્ટલાઇન શેરોની સરખામણીએ ખરાબ પ્રદર્શન જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.95 ટકા સુધર્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.18 ટકા સુધર્યો હતો.જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા.

ફાર્મા શેરોમાં સુધારો જોવાયો હતો. નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ 2.74 ટકા વધ્યો હતો. જેમાં સીપલા, ઝાયડસ લાઇફ, ઈપ્કા લેબ, અંજતા ફાર્મા, ગ્લેન્ડ ફાર્મા, ડો. રેડ્ડીઝ લેબ, ટોરેન્ટ ફાર્મા, લોરસ લેબ્સ, ગ્લેનમાર્ક ફાર્મા અ જેબી કેમિકલ્સ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ડાઉ ફ્યુચર્શ 275 પોઇન્ટ ઉછળતા આજે અમેરિકન બજારો સુધારા સાથે ખુલવાના સંકેત આપી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્ર પ્રમુખ જિનપીંગની બેઠક ઉપર રોકાણકારો નજર રાખી રહ્યા છે. આ દરમ્યાન એશિયન બજારો પણ પોજિટિવ બંધ રહ્યા હતા. યુકેના રાજકીય વિકાસ અને ડેટા જાહેર થયા છે. યુકેનું અર્થતંત્ર પ્રથમ કવાર્ટરમાં 0.6 ટકા વિસ્તર્યુ છે, જે અપેક્ષાઓને અનુરૂપ છે.

દક્ષિણ કોરિયાની સેમસંગ ઈલે.માં 5.46 ટકાનો વધારો થયો છે. કંપનીના ઈતિહાસની સૌથઈ મોટી ધમકી આપનાર મજૂર વિવાદને પગલે બુધવારે ટેક જાયન્ટને બજાર મુલ્યમાં 66 અબજ ડોલરનો સામનો કરવો પડ્યો હતો. જે 21 મેથી 18 દિવસનિ હડતાળ કરવામાં આવશે, જેમાં 41 હજારથી વધુ કારીગરો જોડાશે, તેવી અપેક્ષા છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.42 ટકા, કેક 0.99 ટકા અને ડેક્સ 1.16 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.59 ટકા, સ્ટ્રિટસ 0.16 ટકા, હેંગસેંગ0.1 ટકા, અને શાંઘાઇ 1.55 ટકા ઘટાડા સાતે બંધ રહ્યા હતા. જ્યારે તાઈવાન 0.90 ટકા, કોસ્પી 1.72 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો વધુ નરમ રહ્યો, 5 પૈસા ઘટ્યો

અમદાવાદ, તા. 14: વૈશ્વિક અનિશ્ચિતાના કારણે ક્રુડના ભાવો ઉંચા રહ્યા હોવાથી ડોલરમાં મજબૂતાઇ આગળ વધતી જોવા મળી હતી. આજે ઇન્ટ્રાડેમાં ડોલર 95.97ના સ્તર સુધી મજબૂત રહ્યો હતો. આમ, રૂપિય નબળો પડીને 96 તરફ આગળ વધ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 5 પૈસા નબળો પડીને 95.76ના સ્તેર બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.71ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીમાં યુરો 112.65, પાઉન્ડ 129.40, કેનેડિયન ડોલર 69.89, ઓસ્ટ્રેલિયન ડોલર 68.94, જાપાનીઝ યેન 0.6063 અને સીંગાપોર ડોલર 75.40ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.75 રૂ. |
| યુરો | 112.65 રૂ. |
| પાઉન્ડ | 129.40 રૂ. |
| યેન | 0.6063 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 789.74 | 75398.72 |
| નિફ્ટી | 277.00 | 23689.60 |
| બેન્ક નિફ્ટી | 673.80 | 54128.95 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી એન્ટર | 8.60 | 2712.90 |
| સીપલા | 8.22 | 1436.20 |
| ભારતી એરટેલ | 5.27 | 1883.50 |
| ઇટર્નલ | 3.36 | 245.82 |
| ડો. રેડ્ડીઝ લેબ | 3.03 | 1303.60 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 2.50 | 1095.00 |
| ટેક મહિન્દ્રા | 2.30 | 1343.40 |
| કોલ ઇન્ડિયા | 1.77 | 454.05 |
| એચસીએલ ટેકન | 1.58 | 1124.00 |
| ટીસીએસ | 1.18 | 2246.00 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારતી એરટેલ | 5.32 | 1883.25 |
| ઇટર્નલ | 3.32 | 245.80 |
| એચડીએફસી બેન્ક | 2.67 | 769.60 |
| અદાણી પોર્ટસ | 2.14 | 1773.20 |
| સન ફાર્મા | 2.12 | 1863.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 2.46 | 1096.70 |
| ટેક મહિન્દ્રા | 2.16 | 1345.25 |
| એચસીએલ ટેકનો | 1.63 | 1124.80 |
| ટીસીએસ | 1.18 | 2245.85 |
| એચયુએલ | 0.84 | 2248.60 |

## રૂપિયાને પતનથી બચાવવા સરકારનો 'માસ્ટર પ્લાન'

**વિદેશી** રોકાણકારોને મળી શકે છે ટેક્સ રાહત

નવી દિલ્હી, તા. 14: વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ અને ક્રુડ ઓઇલના ઉંચા ભાવોથી રૂપિયો વધુને વધુ નબળો પડી રહ્યો છે. બીજી તરફ, વિદેશી રોકાણકારોની શેરબજારમાંથી સતત વેચવાલી જોવા મળી રહી છે, તેઓ ભારતીય બજારમાંથી સતત એકઝીટ થઇ રહ્યા છે, ત્યારે ભારત સરકાર સફાળી જાગી છે.

આરબીઆઇએ પણ નબળો પડી રહેલા રૂપિયાને બચાવવા માટે ટેક્સમાં રાહતોની રજૂઆત કરી હતી. જેના પગલે ભારત તેની નીતિઓને વૈશ્વિક ધોરણોને અનુરૂપ લાવવા અને મુડીરોકાણને આકર્ષવા માટેના પગલાઓ લેવાનું વિચારી રહ્યું છે. જેમાં ટેક્સનો બોજ ઘટાડવાનું ગંભીરતાથી વિચારાઇ રહ્યું છે.

નીતિ નિર્માતાઓએ ચલણના ઘટાડાને રોકવા માટે અત્યાર સુધીમાં ઘણા પગલાં લીધા છે, પણ બહુ સફળતા મળી નથી. ઈરાન યુદ્ધને કારણે ક્રુડના ભાવમાં વધારો થવાથી વધતા આયાત બિલને પહોંચી વળવા માટે મુડીપ્રવાહને આકર્ષિત કરવો વધુ મહત્વપુર્ણ બની ગયો છે. 2026માં અત્યાર સુધીમાં રૂપિયો એશિયાનું સૌથી ખરાબ પ્રદર્શન કરનારૂં ચલણ રહ્યું છે, જે ડોલરની સામે છ ટકાનો ઘટાડો દર્શાવે છે.

વિદેશી રોકાણકારોએ તેમના સેકટરના આધારે ટુંકાગાળા અને લાંબા ગાળાના મુડી લાભ કર ચુકવવા પડે છે. ભારતે ડઝનબંધ દેશો સાથે કરાર કર્યા છે જે હેઠળ કેટલાક રોકાણકારોને નીચા કર દરનો લાભ મળે છે. કુપન ચુકવણીમાંથી વ્યાજની આવક લગભગ 20 ટકા પર ટેક્સ લાગે છે.

વિદેશી રોકાણકારો અગાઉ વ્યાજની આવક પર માત્ર 5 ટકા ટેક્સ ચુકવતા હતા, પંરતુ મુક્તિ 2023માં સમાપ્ત થઇ ગઇ હતી. વિદેશી રોકાણકારોએ ભારતમાં ટેક્સના ભારે બોજ અંગે ઘણી વખત અવાજ ઉઠાવ્યો છે. ઈન્ડોનેશિયા, મલેશિયા, મેક્સિકો અને દક્ષિણ આફ્રિકા જેવા અન્ય ઉભરતા બજારોની તુલનામાં ભારતમાં વિદેશી રોકાણકારો પર વધુ ટેક્સ લાગે છે. આ ભારે કરને કારણે આ 1.3 ટ્રિલિયન ડોલરના બજારમાં વિદેશી હિસ્સો માત્ર 3 ટકા છે.

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૨૫૦ |
| એસ-૩૦ | ૪૧૫૦ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૦૦ | કોપરેલ | ૫૩૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૮૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૭૫ | સનફ્લાવર | ૨૬૫૦ |
| ક્પાસીયા (૧૫ કિ.) | ૨૬૫૦ | તલતેલ | ૫૧૦૦ |
| ક્પાસીયા (૧૫ લિ.) | ૨૪૦૦ | દિવેલ | ૨૪૭૦ |
| ક્પાસીયા (૫ લિ.) | ૮૫૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૮૫૦ | | |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૫૬૦૦ |
| તેજાબી સોનું | ૧૬૫૫૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૭૩૨૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૬૨૨૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૫૬૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૮૭૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૮૮૫૦૦ |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ” | ૧૩૨ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૪.૫ | ૫૦/૩૬ ” | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૩ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૩૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૪૨ |
| ૬૮/૩૬ | ૧૪૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૮.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯ | ૮૦ ક્રિમ્પ | ૧૩૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૬.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૯ | ૮૦/૭૨ રોટો | ૧૩૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૯ | ૮૦/૧૦૮ ” | ૧૩૬ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૭ |

### દક્ષિણ કોરિયાના રોકાણકારોમાં ગાંડપણ ચઢ્યું

## દક્ષિણ કોરિયાનું શેરબજાર એક વર્ષમાં ત્રણ ગણું વધ્યું

**કોરિયાના** શેરબજારમાં રોકાણકારો ઉધાર લઇને શેરોમાં રોકાણ વધારી રહ્યા છે

**બાળકોના** નામે ડિમેટ ખોલાવવાની રેસ

**આડેધડ** વધતી તેજીએ વિશ્લેષકોને પણ વિચારતા કરી દીધા

નવી દિલ્હી, તા. 14: વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલ વચ્ચે દક્ષિણ કોરિયાનું શેરબજાર તેજીમય રહ્યું છે. એક વર્ષમાં કોરિયાના શેરબજાર ત્રણ ગણો વધારો થયો છે. આજરોજ દક્ષિણ કોરિયાનો મુખ્ય સુચકાંક કોસ્પી 2640 પોઇન્ટ પર હતો, તે 7081 પર પહોચ્યો હતો, દુનિયામાં આવું ભાગ્યે જ બન્યું છે.

કોઇપણ શેરોમાં રોકાણ કરવાની તક ગુમાવવા માગતું નથી અને લોકો શેર ખરીદવા માટે લોન લઇ રહ્યા છે. ટ્રેડિંગ વોલ્યુમ ઓલટાઇમ હાઇએ પહોંચી ગયું છે. બજારમાં એક દિવસમાં પાંચ ટકા કે તેથી વધુની વધગટ સામાન્ય બની ગઇ છે, પરંતુ લોકો પર તેની કોઇ અસર થતી હોય તેવું લાગતું નથી.

એટલું જ નહીં, ડિમેટ એકાઉન્ટ ખોલવાની સ્પીડ વધી ગઇ છે. દક્ષિણ કોરિયામાં ઓફિસ, ઘર, પાર્ટીઓમાં દેરક જગ્યાએ શેરના ભાવમાં વધારાની ચર્ચા છે. ઘણા લોકો તેમના બાળકો માટે શેર પણ ખરીદી રહ્યા છે. શેરોમાં રોકાણ કરવાની આ રેસમાં કોઇ પાછળ રહેવા માગતું નથી. ટોસ સિક્યોરિટીઝના ડેટા અનુસાર માર્ચ કવાર્ટરમાં 18 વર્ષથી ઓછી ઉંમરના લોકો માટે નવા ડિમેટ એકાઉન્ટ્સની સંખ્યા એક વર્ષ અગાઉના સમાનગાળા કરતા 10 ગણી વધુ હતી.

યુ ટયુબરની વાત કરીએ તો તેઓને પણ ચાંદી થઇ ગયેલી જોવા મળી છે. જેઓની સબસ્ક્રાઇબર્સની સંખ્યા 13 લાખ થઇ ગઇ છે. રિટેલ રોકાણકારોમાં શેરો વિશે એક પ્રકારનું ગાંડપણ ચઢ્યું છે. શું બજારમાં ફરીથી આવી તેજી જોવા મળશે, એ એક સવાલ છે.

શેરબજારમાં આ તેજીમાં એઆઇ સાથે સંકળાયેલી કંપનીઓનો મોટો હાથ છે. શેરમાં ઉછાળાને કારણે લાંબા સમયથી સુસ્ત રહેલું બજાર અચાનક ચર્ચામાં આવ્યું છે આ તેજી પાછળ સેમસંગ ઈલે. અને એસકે હાયનિક્સ જેવી કંપનીઓના નફામાં વધારાને આભારી છે.

વિશ્લેષકોનું કહેવું છે કે આ પ્રકારની તેજી દુનિયામાં અગાઉ કયારેય કોઇ બજારમાં જોવા મળી નથી. કેટલાક કહે છે કે આ તેજી પાછળનું કારણ બજારમાં ઉધાર લીધેલા પૈસા છે. જોકે, આ આડેધડ રેલીએ દક્ષિણ કોરિયાના બજારને અન્ય ઉભરતા બજારો કરતા ઘણું આગળ ધકેલી દીધું છે.

## ક્રૂડ ઓઈલ @150 ડોલરની આશંકા

**શેરબજારમાં** 20% ના મોટા ઘટાડાનું જોખમ

નવી દિલ્હી, તા. 14: મીડલ ઈસ્ટનો તણાવ ગંભીર સમસ્યા સર્જી શકે છે. ખાસ કરીને ક્રુડ ઓઈલના ભાવ વધારો ભારતીય અર્થતંત્રને મોટો ફટકો પડ્યો છે. મીડલ ઈસ્ટના તણાવના પગલે ક્રુડ ઓઇલ વધુને વધુ ઉછળતું જાય છે. જો ક્રુડ ઓઇલનો ભાવ 150 ડોલર પ્રતિ બેરલ પહોંચી જશે તો શેરબજારમાં વધુ 10થી 20 ટકાનો ઘટાડો આવી શકે છે, એમ વિશ્લેષકોનું માનવું છે. તાજેતરના ઉછાળઆના કારણે શેરબજાર પહેલાથી જ અસ્તવ્યસ્ત સ્થિતિમાં છે. જો બજારમાં વધુ 10થી 20 ટકાનો ઘટાડો થાય તો રોકાણકારોને મોટું નુકશાન થઇ શકે છે. લાંબા ગાળામાં ભારતની આર્થિક વૃદ્ધિને કોઇ અસર પડશે નહીં, પણ ટુંકાગાળા માટે મોટી ચિંતા સર્જી શકે છે. ક્રુડ ઓઇલના ઉંચા ભાવ છે. મોંઘા ક્રુડની અસર દેશમાં મુડી પ્રવાહ, મોંઘવારી અને રૂપિયા પર પડશે. ડોલર સામે રૂપિયો પહેલેથી જ ઘટાડો થયો છે અને જો ક્રુડ વધશે તો હજુય વધુ ઘટી શકે છે. આમ, ભારત માટે ટ્રેડન એ એક જ ગંભીર સમસ્યા છે. બેલેન્સ ઓફ પેમેન્ટની દ્રષ્ટિએ પણ ક્રુડ ઓઇલના વધતા ભાવ ચિંતાનો વિષય છે. જો થોડા સમય માટે તેલની અછત ઊભી થાય તો પણ ભારત ઊર્જાના અન્ય સ્ત્રોતોની મદદથી સ્થિતિને સંભાળશે.

# ડોનાલ્ડ ટ્રમ્પ શી જિનપિંગ પાસે વેપારની ભીખ માગવા ચીનની મુલાકાતે ગયા છે?



**ટુંકમાં પોઇન્ટ ▪ સંજય વોરા ▪**

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની દ્વિપક્ષીય મુલાકાત બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ વાતચીતને મહાન ગણાવી છે. ડોનાલ્ડ ટ્રમ્પ એવા સમયે ચીનની મુલાકાત લઇ રહ્યા છે, જ્યારે ગલ્ફ યુદ્ધમાં ચીનના પીઠબળને કારણે ઈરાને અમેરિકાને ઘૂંટણિયા પર લાવી દીધું છે અને ડોનાલ્ડ ટ્રમ્પ આ યુદ્ધમાંથી સહીસલામત બહાર નીકળવાનો માર્ગ શોધી રહ્યા છે. આ મુલાકાત એવા સમયે યોજાઈ રહી છે જ્યારે ચીનનો મહાસત્તા તરીકે ઉદય થઈ રહ્યો છે અને અમેરિકાના આર્થિક સામ્રાજ્યનો અંત નજીક દેખાઈ રહ્યો છે. આ મુલાકાત એવા સમયે યોજાઈ રહી છે, જ્યારે ચીનને અમેરિકાની બિલકુલ ગરજ નથી પણ અમેરિકાને ચીનની બજારની, તેના દુર્લભ ખનિજોની અને તેના માનવબળની ગરજ છે. રાજદ્વારી જગતમાં ઘણાં લોકો તેની સરખામણી ભૂતપૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ રિચાર્ડ નિક્સનની ૧૯૭૨માં માઓ ઝેડોંગ સાથેની મુલાકાત સાથે કરી રહ્યા છે. જો કે, ત્યાર પછી દુનિયામાં નોંધપાત્ર ફેરફાર થયો છે. તે સમયે ચીનનો ઉદય નહોતો થયો પણ તે વિકાસની દિશામાં પા પા પગલી ભરી રહ્યું હતું. ૧૯૭૨ની મુલાકાતને પગલે ચીનનો વિકાસ દુનિયાની ફેક્ટરી તરીકે થયો. અમેરિકાની કંપનીઓએ પોતાનું ઉત્પાદન સસ્તી મજૂરીના લોભમાં ચીનમાં ખસેડ્યું, જેને કારણે ચીન સમૃદ્ધ બનતું ગયું અને અમેરિકાની વેપાર ખાધ વધતી ચાલી. ડોનાલ્ડ ટ્રમ્પે આ વેપાર ખાધ ઘટાડવા ટેરિફનું હથિયાર ઉગામ્યું, પણ તે બુઠ્ઠું સાબિત થયું છે. હવે ડોનાલ્ડ ટ્રમ્પ માટે શી જિનપિંગ પાસે ભીખ માગવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. જો ચીન અમેરિકા સાથે વેપાર વધારવા સંમત થાય તો જ અમેરિકાનું અર્થતંત્ર કટોકટીમાંથી બહાર આવી શકે તેમ છે. ડોનાલ્ડ ટ્રમ્પને ખ્યાલ આવી ગયો છે કે આ કામ ધમકીથી નહીં થાય પણ ડિપ્લોમસીથી જ થશે. આ મુલાકાતમાં ચીનનો હાથ ઉપર છે. ડોનાલ્ડ ટ્રમ્પની ટીમમાં વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિ એલોન મસ્ક, એપલના ટિમ કૂક અને એનવીડિયાના જેન્સન હુઆંગ સહિત એક ડઝનથી વધુ અમેરિકન ઉદ્યોગપતિઓનો સમાવેશ થાય છે.

બેઇજિંગમાં આ શિખર સંમેલન છેલ્લા એક વર્ષથી ચાલી રહેલા ભીષણ ટેરિફ યુદ્ધને શાંત કરવા, પુરવઠા શૃંખલાઓને પુનઃસ્થાપિત કરવા અને ઈરાન કટોકટી અને તાઇવાન જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર સર્વસંમતિ બનાવવાનો એક મોટો પ્રયાસ છે. ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ૩૦ થી વધુ ઉદ્યોગપતિઓની બેઇજિંગ મુલાકાતનો અર્થ ચીન સાથે વ્યવસાય બંધ કરવાનો નથી, પરંતુ તે સ્વીકારવાનો છે કે ચીનથી આર્થિક રીતે અલગ થવું અશક્ય બની ગયું છે.

એટલા માટે ડોનાલ્ડ ટ્રમ્પની ચીન મુલાકાત એક મોટા પરિવર્તનનું પ્રતીક છે. તે દર્શાવે છે કે ૨૧મી સદીનું રાજકારણ હવે ફક્ત લોકશાહી અને સરમુખત્યારશાહી વચ્ચેનો યુદ્ધ નથી. તે બજારો, ટેકનોલોજી, ડેટા અને મૂડી વચ્ચેનું યુદ્ધ પણ છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે અમેરિકન વ્યાપાર સમુદાયને ખાતરી આપી છે કે ચીન અમેરિકન વ્યવસાયો માટે તેના દરવાજા વધુ ખોલશે અને વિશાળ તકો પ્રદાન કરશે.

અમેરિકા અને ચીન બંને દેશોની અર્થવ્યવસ્થાઓ ગયા વર્ષના ટેરિફ યુદ્ધનો ભોગ બની રહી છે. ટેરિફ ૧૦૦ ટકાથી વધુ થઈ ગયા છે, જેના કારણે સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે, અમેરિકામાં ફુગાવો વધી રહ્યો છે અને ચીનમાં નિકાસ ધીમી પડી રહી છે. હવે, જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બજારને વેગ આપવા માટે એક મોટો કરાર કરવા માંગે છે, ત્યારે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ તેમની સુસ્ત અર્થવ્યવસ્થાને સ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. નબળી માંગ, મિલકતની સમસ્યાઓ અને નિકાસમાં મંદીના કારણે ચીનનું અર્થતંત્ર દબાણ હેઠળ છે. શી જિનપિંગને આ સમયે સ્થિરતાની જરૂર છે. આ સમિટનો હેતુ વેપાર યુદ્ધના પુનરુત્થાનને રોકવાનો છે. અમેરિકાના બિઝનેસ લીડર્સ સાથેની બેઠક દરમિયાન શી જિનપિંગે કહ્યું કે ચીન અમેરિકન બિઝનેસ માટે વધુ દરવાજા ખોલશે. ચીનમાં અમેરિકન કંપનીઓ માટે વિશાળ તકો હશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એ પણ ઇચ્છે છે કે ચીન સપ્લાય ચેઇનને શસ્ત્ર બનાવવાનું બંધ કરે. ખાસ કરીને દુર્લભ પૃથ્વી અને મહત્ત્વપૂર્ણ ખનિજો, જે અમેરિકન ટેકનોલોજી અને સંરક્ષણ ઉદ્યોગોને શક્તિ આપે છે. ચીને બતાવ્યું છે કે તે દુર્લભ પૃથ્વી ખનિજોની નિકાસને કડક બનાવીને અમેરિકાના સંરક્ષણ સહિતનાં સંવેદનશીલ ક્ષેત્રોને નુકસાન પહોંચાડી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પનું જાહેર સૂત્ર સરળ છે કે ચીન માટે દરવાજા ખોલો. આ સૂત્ર પાછળ ત્રણ નક્કર માંગણીઓ છે: (૧) અમેરિકન કંપનીઓ માટે ચીનના બજારમાં સરળ પ્રવેશ (૨) ચીન દ્વારા અમેરિકન માલ જેવા કે સોયાબીન, LNG, વિમાનની ખરીદીમાં વધારો (૩) રાષ્ટ્રીય સુરક્ષાને નુકસાન પહોંચાડ્યા વિના આશરે ૩૦ અબજ ડોલર મૂલ્યના માલ પર ટેરિફ ઘટાડવા માટે એક માળખું. જો ડોનાલ્ડ ટ્રમ્પ શી જિનપિંગ પાસે અપેક્ષિત સહયોગ મેળવી શકશે તો તેમની આબરૂ વધી જશે.

છેલ્લા દાયકામાં અમેરિકા અને ચીન વચ્ચેના સંબંધો વેપાર યુદ્ધો, ટેકનોલોજી યુદ્ધો અને વ્યૂહાત્મક હરીફાઈમાં ફેરવાઈ ગયા છે, પરંતુ ટ્રમ્પની મુલાકાત દર્શાવે છે કે તેમની સ્પર્ધા હોવા છતાં બંને દેશોને એકબીજાની જરૂર છે. અમેરિકાએ ચીનને એક મહાસત્તા તરીકે સ્વીકાર્યું છે. વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓ હવે મુકાબલો કરવાને બદલે એકબીજાને સંચાલિત કરવા માટે વધુ વલણ ધરાવે છે અને અહીંથી G-2 મોડેલની ચર્ચા શરૂ થાય છે. G-2 નો અર્થ એ છે કે ચીન અને અમેરિકા હવે નક્કી કરશે કે વિશ્વે કેવી રીતે કાર્ય કરવું જોઈએ. આનો અર્થ એ છે કે અમેરિકા ચીનમાં દખલ કરશે નહીં અને ચીન અમેરિકાની બાબતોમાં દખલ કરશે નહીં. વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોનું અપહરણ અને ઈરાન યુદ્ધ પર ચીનનું મૌન દર્શાવે છે કે ચીને પહેલાંથી જ તેને માટે મૌન સંમતિ આપી દીધી છે. ચીનને તેની અર્થવ્યવસ્થાને વેગ આપવા માટે શાંતિપૂર્ણ વિશ્વની જરૂર છે, પરંતુ તેનું લક્ષ્ય શાંતિની સાથે સાથે તેના પ્રભુત્વનો વિસ્તાર કરવાનું છે. એશિયામાં તેણે પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ, માલદીવ અને બાંગ્લાદેશ દ્વારા ભારતને લગભગ ઘેરી લીધું છે, જ્યારે આફ્રિકા, તેમજ લેટિન અમેરિકા અને કેરેબિયનમાં ચીને તેનું પ્રભુત્વ એટલું વિસ્તૃત કર્યું છે કે અમેરિકા પાસે સંઘર્ષ કરવા સિવાય કોઈ વિકલ્પ નથી. આજે સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું ડોનાલ્ડ ટ્રમ્પ નંબર વન પોઝિશન શી જિનપિંગને સોંપવા માટે ચીન ગયા છે?

છેલ્લા ત્રણ દાયકાથી અમેરિકામાં G2 મોડેલની ચર્ચા થઈ રહી છે. ઓબામા વહીવટીતંત્રે તેને આગળ ધપાવ્યું હતું. G-2 નો અર્થ એ છે કે મુખ્ય વૈશ્વિક નિર્ણયો હવે સંયુક્ત રાષ્ટ્ર, G-20 અથવા બહુપક્ષીય સંસ્થાઓ દ્વારા નહીં પરંતુ વોશિંગ્ટન અને બેઇજિંગ વચ્ચે નક્કી કરવામાં આવશે. આબોહવા, વેપાર, AI, સેમિકન્ડક્ટર, સપ્લાય ચેઇન, નાણાંકીય પ્રણાલીઓ, ઊર્જા અને સુરક્ષા; આ બધું બે ધ્રુવો વચ્ચે સંતુલિત કરવામાં આવશે. આ એ જ મોડેલ છે જેને હેન્રી કિસિંજર જેવા વ્યૂહરચનાકારોએ એક સમયે ભવિષ્ય તરીકે ધ્યાનમાં લીધું હતું. બેઇજિંગ સામે ડોનાલ્ડ ટ્રમ્પની સેંકડો ધમકીઓ છતાં તેમના સમગ્ર કર્મચારીઓ સાથે બેઇજિંગની ધરતી પર ઉતરાણ આ વાતનો સ્વીકાર છે. જો ડોનાલ્ડ ટ્રમ્પ અને શી જિનપિંગ વચ્ચે કોઈ મોટો આર્થિક કરાર થાય છે, તો તે બહુપક્ષીય વ્યવસ્થા માટે મોટો ફટકો હશે. WTO પહેલેથી જ નબળું પડી ગયું છે. યુએન સુરક્ષા પરિષદ વાસ્તવિક રીતે નિષ્ક્રિય દેખાય છે. યુક્રેન યુદ્ધ પછી યુરોપ વ્યૂહાત્મક રીતે અસુરક્ષિતતા અનુભવે છે. આવી સ્થિતિમાં G-2 મોડેલ વિશ્વને બે મુખ્ય ખેલાડીઓ સુધી મર્યાદિત કરી શકે છે.

G-2 નો બીજો અર્થ શક્ય તેટલો સંઘર્ષ ટાળવાનો હોઈ શકે છે. તે કરાર ફક્ત બે મહાસત્તાઓ વચ્ચે તેમના પોતાના આર્થિક હિતોના જતન માટે સંઘર્ષ ટાળવા માટેનો અસ્થિર કરાર હોઈ શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**આ મુલાકાત એવા સમયે યોજાઈ રહી છે, જ્યારે ચીનને અમેરિકાની બિલકુલ ગરજ નથી, પણ અમેરિકાને ચીનની બજારની, તેના દુર્લભ ખનિજોની અને તેના માનવબળની ગરજ છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**ભાડાની Fix આવક**
થાય તેવા રોકાણકાર માટે જોલી આર્કેડ, ઘોડ દોડ રોડ પર મોકાની દુકાન વેચવાની છે.
551 + 400 SqFeet ની
Contact 9825522668

**મિલ્કત વેચવાની છે**

**નોકરી વિષયક**

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**(સાગર- 9427113317)**
અધિકમાં હરિદ્વાર, મથુરા, વૃંદાવન, સ્લીપરમાં સ્પે પંચમઢી, ઉજ્જૈન, ઓમકારેશ્વર,

**ચલો અધિક માસમાં,**
Date- 25/05/2026, હરિદ્વાર, ગોકુલ, મથુરા. Mobile- 9913164330

**ૐશિવ ટ્રાવેલ્સ**
અધિકમાં, 3- જૂન, હરિદ્વાર, ઋષિકેશ, ખાટુંશ્યામ, સાલાસર બાલાજી, સાવરિયા શેઠ. 19- મેં, કાશી વિશ્વનાથ, અયોધ્યા, પ્રયાગરાજ, ચિત્રકુટ) 13, 20, 27, દ્વારકા, સોમનાથ, વિરપુર, ચોટીલા , 21, 28, ઉજ્જૈન, ઓમકારેશ્વર, શિહોર. ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

**મિલ્કત ભાડેથી**

**ભાડે આપવાનું છે**
(1) ફ્લેટ 804, શુભમ- 2 સરગમ શોપિંગ સેન્ટર પાછળ 2000 Sq.Ft., (2) બંગલો ફૂલ્લી ફર્નિશ્ડ 4 BHK 10, સારથી બંગલો, રાજહંસ સિનેમા પાછળ, પિપલોદ (3) સેમી ફર્નિશ્ડ ઓફિસ 504/ સી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, રિંગરોડ સુરત. મળો 9925039398 (83)

**વ્યવસાયીક ધંધાકીય**

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા TV, LCD,**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**મીલ્કત વેચવાની**
ઓફ લાલગેટ રોડ; (M) 98253-12004 (M) 99250-24212

**સુમુલ ડેરી રોડ**
ટચ લક્ષરિયસ ફુલ હવા ઉજાસવાળો ફ્લેટ તાત્કાલિક વેચવાનો છે.... 9727792086

**બંગલો વેચવાનો**
૧૦૮ વાર ૫ બેડ રૂમ નવું બાંધકામ વેસુ Mo- 9825109400

**ફ્લેટ વેચવાનો**
દસ્તાવેજ સિંગલ રૂમ કિચન બીજો માળ ૧૨ લાખ સગરામપુરા 8488968543

**પ્લોટ વેચવાનો છે**
૫૦૦ વાર ૫ કરોડ વેસુ Mo. 9825109400

**માસ્ટર વેલ્ડર**
અને ફિટર જોઈએ છે 3 થી 5 વર્ષના અનુભવી પમ્પિંગના જાણકાર કોન્ટેક- 9327033734/ 7861872042 (88)

**સ્ટાફ જોઈએ છે**
CC TV ટેક્નિશિયન, વાયરમેન, ઈલેક્ટ્રિશિયન, વેલ્ડર, ફીટર, હેલ્પર, ડીલીવરી બોય. સારો પગાર. ઉધના ત્રણ રસ્તા ખાતે. Mo. 9714314000 (90)

**જોઈએ છે**
છોકરીઓ માટે P.G. માં રહેવા માટે દલાલ ભાઈઓ જોઈએ છે. મળો: ૯૮૨૫૦૫૫૨૪૯ (87)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.